મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થિનીઓને બિરદાવતાં તેમણે જણાવ્યું કે, આ કાર્યક્રમમાં સ્ત્રી નેતૃત્વને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

માત્ર ઉડવાનું જ નહીં, પરંતુ ઉડાન શક્ય બને તેવું ભવિષ્ય બનાવવાનું સ્વપ્ન જોવા માટે તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ઉમેર્યું કે, શિક્ષણ કૌશલ્ય લાવશે અને કૌશલ્ય નવી તકોનું સર્જન કરશે. આ દિશામાં આ પ્રકારના કાર્યક્રમો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન યોજાયેલા વિવિધ સેશનમાં વિદ્યાર્થીઓને પાઈલટની કારકિર્દી ઉપરાંત એરલાઈન્સ, એરપોર્ટ્સ, એરોસ્પેસ, એરક્રાફ્ટ મેન્ટેનન્સ, રિપેર એન્ડ ઓવરહોલ (MRO), એર ટ્રાફિક મેનેજમેન્ટ, ગ્રાઉન્ડ ઓપરેશન્સ, એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નિયમન અને સંરક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, એર ઈન્ડિયા, ઈન્ડિગો અને એતિહાદ એરવેઝના વરિષ્ઠ વ્યાવસાયિકોએ પણ પોતાના અનુભવો અને વિચારો વિદ્યાર્થીઓ સાથે શેર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 'ASPIRE 2026' જેવાં આયોજનો દ્વારા રાજ્યના યુવાનોને ઝડપથી વિકસી રહેલા ઉડ્ડયન ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દીની વિશાળ તકો અંગે સમજણ આપી, શિક્ષણ, કૌશલ્ય અને વ્યાવસાયિક કારકિર્દીમાં મદદરૂપ થવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ છે. આ પહેલ દ્વારા રાજ્યમાં ઉડ્ડયન અને એરોસ્પેસ ઈકોસિસ્ટમ માટે કુશળ અને ઉદ્યોગ માટે તૈયાર માનવબળ વિકસાવવાનો અભિગમ દર્શાવવામાં આવ્યો છે.

# જિલ્લા પંચાયત-સુરત ખાતે 'આપણી આંગણવાડી, આપણી જવાબદારી' થીમ સાથે ૯મા રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૬નો શુભારંભ

**જિલ્લા પંચાયતના પ્રમુખ સમીરભાઈ મોદી, જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીણાની પ્રેરક ઉપસ્થિતિ**

સુરત

ગુજરાત રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા ICDS શાખા, જિલ્લા પંચાયત-સુરતના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત ભવન ખાતેથી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સમીરભાઈ મોદી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવેન્દ્રપ્રકાશ મીણા, મહિલા અને યુવા પ્રવૃતિ અધ્યક્ષ જ્યોતિબેન ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં 'આપણી આંગણવાડી, આપણી જવાબદારી' થીમ સાથે ૯મા રાષ્ટ્રીય પોષણ માહ—૨૦૨૬ નો શુભારંભ કરાયો હતો.

તા.૮મી ઓક્ટોબર સુધી એક મહિના સુધી ચાલનારા અભિયાન હેઠળ જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સમીરભાઈ મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્રીય પોષણ માહ અભિયાન અંતર્ગત સરકારની ICDS (સંકલિત બાળ વિકાસ સેવા) શાખા હેઠળ ચાલતી તમામ યોજનાઓનો પાયાના સ્તરે રહેલા લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળે તે અત્યંત આવશ્યક છે. આ પ્રસંગે તેમણે જિલ્લાની તમામ આંગણવાડીઓમાં પોષણ અને આરોગ્ય ક્ષેત્રે વધુ ઉત્કૃષ્ટ અને સક્રિય કામગીરી કરવા માટે ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. તેમણે કુપોષણ મુક્ત અને સ્વસ્થ સમાજનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે સૌને સક્રિય પ્રયાસો કરવા જણાવ્યું હતું.

આ અવસરે જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા પોષણ અભિયાનથી આજે લાખો બાળકોને આરોગ્ય અને પોષણની ઉત્તમ સુવિધાઓ મળી રહી છે.

બાળકના જન્મ પછીના શરૂઆતના ૧૦૦૦ દિવસ તેના શારીરિક અને માનસિક વિકાસ માટે અત્યંત મહત્વના ગણવામાં આવે છે.



એક મહિના સુધી ચાલનારા પોષણ માસ અભિભાનમાં આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકોના આરોગ્ય તપાસ, ધાત્રી માતાઓમાં એનિમિયાની તપાસ જેવા અનેક વિધ કાર્યક્રમો હાથ ધરાશે

બાળકના યોગ્ય પોષણ અને વિકાસથી જ સાચા અર્થમાં નવા ભારતના નિર્માણનો માર્ગ ખૂલશે એમ તેમણે કહ્યું હતું. આ સાથે આ બાળકોનું પોષણ એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે.

## ગાંધીનગર તાલુકાના ગીયોડ અને ચેખલારાણી ગામ ખાતે 'બાલિકા પંચાયત'ની ઉત્સાહભેર પુનઃરચના કરાઈ

**કિશોરીઓમાં નેતૃત્વ, આત્મવિશ્વાસ અને લોકશાહી મૂલ્યોના સિંચન માટે પારદર્શક ચૂંટણી પ્રક્રિયા દ્વારા સરપંચ અને ઉપસરપંચની પસંદગી કરાઈ**



ગાંધીનગર

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ગાંધીનગર તથા સંકલિત બાળ વિકાસ યોજનાના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર તાલુકાના ગીયોડ અને ચેખલારાણી ગામ ખાતે રાજ્ય સરકારશ્રીની અનોખી પહેલ એવી "બાલિકા પંચાયતની પુનઃરચનાનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાઈ ગયો.

આ કાર્યક્રમ દરમિયાન બંને ગામોની ૧૨ થી ૨૦ વર્ષની કિશોરીઓને બાલિકા પંચાયતનો હેતુ, મહત્વ, કામગીરી, જવાબદારીઓ તેમજ કિશોરી સશક્તિકરણ અને નેતૃત્વ વિકાસમાં તેની ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બાલિકા પંચાયતની પુનઃરચના અંતર્ગત સરપંચ અને ઉપસરપંચ બનવા ઉત્સુક કિશોરીઓ પાસેથી ઉમેદવારી ફોર્મ મેળવી લોકશાહી પદ્ધતિથી ચૂંટણી હાથ ધરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ કિશોરીઓએ ઉત્સાહપૂર્વક મતદાન કરી પારદર્શક રીતે પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરી હતી. ગીયોડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગામના સરપંચશ્રીએ વિશેષ ઉપસ્થિત રહીને કિશોરીઓને ગામના વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રોત્સાહિત કરી હતી.

## બાગાયત ખાતાની યોજનાથી દસક્રોઈમાં આદું-હળદરના વાવેતરે વેગ પકડ્યોઃ તદ્દન નહીવત વાવેતરમાંથી ૧૦-૧૫ હેક્ટરમાં વાવેતર નોંધાયું

***બાગાયત ખાતાની કંદમૂળ પ્રોત્સાહન યોજનાને પગલે દસક્રોઈ તાલુકામાં વૈજ્ઞાનિક ખેતી તરફ ખેડૂતોનો ઝુકાવ વધ્યો***

અમદાવાદ

રાજ્યમાં બાગાયતી પાકોના વિસ્તાર અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવાના હેતુથી બાગાયત ખાતા દ્વારા વિવિધ નવીન યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ અંતર્ગત આદું અને હળદરના વાવેતરને પ્રોત્સાહન આપતી, વર્ષ ૨૦૨૬-૨૭માં અમલમાં મૂકાયેલી નવીન યોજનાને રાજ્યના ખેડૂતો તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

દસક્રોઈ તાલુકાની વિગત જોઈએ તો, અગાઉ આ વિસ્તારમાં આદું અને હળદરનું વાવેતર નહિવત જોવા મળતું હતું. પરંતુ બાગાયત ખાતા દ્વારા યોજનાની જાહેરાત કરવામાં આવ્યા બાદ ખેડૂતો દ્વારા તેમાં નોંધપાત્ર રસ દાખવવામાં આવ્યો છે. ખેડૂતો તરફથી મળેલા ઉત્સાહજનક પ્રતિસાદને પગલે હાલ દસક્રોઈ તાલુકામાં લગભગ ૧૦ થી ૧૫ હેક્ટર જેટલા વિસ્તારમાં આદું અને હળદરનું સફળતાપૂર્વક વાવેતર જોવા મળેલ છે. આ યોજનાનો મુખ્ય હેતુ ખેડૂતોને આદું અને હળદર જેવા



**નવીન યોજનામાં શ્રેણી મુજબ ખેડૂતોને મળવાપાત્ર નાણાકીય સહાયઃ**

**આ યોજના હેઠળ ખેડૂતોને આદું અને હળદરના પાક માટે પ્રતિ હેક્ટર વાવેતર ખર્ચના ધોરણે નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છેઃ**

- **સામાન્ય મોટા ખેડૂતઃ ૫૦,૦૦૦ પ્રતિ હેક્ટર**
- **સામાન્ય નાના અને સીમાંત ખેડૂતઃ ૬૫,૦૦૦ પ્રતિ હેક્ટર**
- **અનુસૂચિત જાતિના ખેડૂતઃ ૭૫,૦૦૦ પ્રતિ હેક્ટર**

મહત્વના કંદમૂળ પાકોની વૈજ્ઞાનિક અને વ્યવસાયિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવાનો, ગુણવત્તાયુક્ત ઉત્પાદન વધારવાનો તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવાનો છે.

આદું અને હળદરના પાકમાં સુધારેલ વાવેતર સામગ્રી, યોગ્ય જમીન વ્યવસ્થાપન, પિયત વ્યવસ્થાપન, સંતુલિત પોષણ અને પાક સંરક્ષણ જેવી આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવવાથી ઉત્પાદન અને ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ ઉપરાંત, ભવિષ્યમાં ખેડૂતો હળદરનું યોગ્ય પ્રોસેસિંગ (પ્રક્રિયા) કરીને બજારમાં મૂકે અને તેનાથી સારામાં સારા ભાવ મેળવે તેવી પણ આશા રાખવામાં આવી રહી છે.

# સુરત જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત ગેસ એનર્જી લિમિટેડના સંયુક્ત ઉપક્રમે 'ઓફ-સાઈડ લેવલ-૩' ઈમરજન્સી મોકડ્રિલ યોજાઈ

**સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન સંદર્ભે ગુજરાત ગેસ કંપનીમાં સફળ 'બોમ્બ થ્રેટ મોકડ્રિલ'**





સુરત

- **ગુજરાત ગેસ કંપનીના સ્ટોર રૂમમાંથી શંકાસ્પદ વસ્તુ મળી આવતા બોમ્બ સ્ક્વોડ અને પોલીસ તંત્ર ઘટના સ્થળે પહોચી**
- **અણધારી ઔદ્યોગિક હોનારત સામે તંત્રની સજ્જતા ચકાસવા માટે જિલ્લા કલેક્ટરની આગેવાની હેઠળ વિવિધ એજન્સીઓનું સુસંકલિત આપત્તિ વ્યવસ્થાપન**

આપાતકાલીન સમયમાં ઔદ્યોગિક સુરક્ષા, રાહત-બચાવ કામગીરી અને વિવિધ સરકારી તંત્રો વચ્ચેના આંતરિક સંકલનની સજ્જતા ચકાસવાના હેતુથી સુરતના અડાજણ સ્થિત ગુજરાત ગેસ એનર્જી લિ. ખાતે ઔદ્યોગિક સલામતી અને ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમની તત્પરતા ચકાસવાના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત ગેસ એનર્જી લિમિટેડના સંયુક્ત ઉપક્રમે 'ઓફ-સાઈડ લેવલ-૩' ઈમરજન્સી 'બોમ્બ થ્રેટ મોકડ્રિલ' યોજાઈ હતી. કટોકટીની પરિસ્થિતિમાં જિલ્લાના વહીવટી તંત્ર અને વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચેનું સંકલન, ક્વિક રિસ્પોન્સ ટાઈમ તેમજ કટોકટી વ્યવસ્થાપનની ક્ષમતાઓને સુનિશ્ચિત કરવાના હેતુથી આ વ્યાપક કવાયત હાથ ધરવામાં આવી હતી. આ મોકડ્રિલ દરમિયાન ગુજરાત ગેસ કંપનીના સ્ટોરરૂમમાં સફાઈકર્મીને સફાઈ કરતી વેળાએ શંકાસ્પદ બોમ્બ મળી આવ્યાની જાણ થતાં જ, તાત્કાલિક અસરથી કંપનીના સિક્યોરિટી એલાર્મ વગાડીને કર્મચારીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. પરિસ્થિતિ નિયંત્રણ બહાર જણાતાં ત્વરિત 'ઓફ-સાઈડ લેવલ-૩ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી હતી અને કંપનીના ઈન્ટરનલ સિક્યુરિટી પ્રોટોકોલ સક્રિય કરી ત્વરિત પોલીસ તેમજ જિલ્લા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. બોમ્બ કૉલ મળતાં જ સુરત શહેર પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ (BDDS), ડૉગ સ્ક્વોડ, ફાયર બ્રિગેડ, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમના સભ્યોને જાણ કરતા તમામ ત્વરિત ઘટના સ્થળે આવી પહોચ્યા હતા.

બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ-'બીડીડીએસ'ની ટીમ દ્વારા સ્નિફર ડોગ્સ અને આધુનિક સાધનોની મદદથી સમગ્ર પરિસરનું સઘન ચેકિંગ હાથ ધરી શંકાસ્પદ બોમ્બને નિષ્ક્રીય કરવામાં આવ્યો હતો. તમામ એજન્સીઓની ત્વરિત અને સુસંકલિત કામગીરીને કારણે સ્થિતિને ટૂંક સમયમાં સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ લાવવામાં આવી હતી. કવાયત પૂર્ણ થયા બાદ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને ગુજરાત ગેસ એનર્જી લિમિટેડના મેનેજમેન્ટ દ્વારા એક ડીબ્રીફિંગ બેઠક યોજવામાં આવી હતી. જેમાં તમામ વિભાગોના રિસ્પોન્સ ટાઈમ, કોમ્યુનિકેશન પ્રોટોકોલ અને ઈમરજન્સી મેનેજમેન્ટ પ્લાનની સમીક્ષા કરવામાં આવી હતી. આવી ઉચ્ચ સ્તરીય મોકડ્રિલથી આપત્તિના સમયે જનધનનું નુકસાન અટકાવવાની ક્ષમતામાં વધારો થાય છે. આ મોકડ્રિલ વેળાએ ACP એમ.કે. રાણા, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના નાયબ મામલતદાર સાજિદ મેરુજય, નાયબ મામલતદાર વિરેન્દ્ર વરીયા, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર નિતલ દોશી, અડાજણ પોલીસ ઈન્સ્પેક્ટર એન. એ. ચાવડા, પી.એસ.આઈ ડી.એલ. યાદવ અને એન.ડી.પટેલ, બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડના PSI એચ.બી.મોરી, ગુજરાત એનર્જી લિ.ના HSE હેડ નવીન શર્મા (ગાંધીનગર), ઝોનલ હેડ ઝોન-૨ના હર્ષલ દેસાઈ, સુરત સર્કલ ઓફિસર ધર્મેશ સેલર સહિત પોલીસ વિભાગના અધિકારીઓ, ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ સહિતની વિવિધ એજન્સીઓ પહોંચી હતી. આ મોકડ્રિલ દરમિયાન ગુજરાત ગેસ કંપનીના સ્ટોરરૂમમાં સફાઈકર્મીને સફાઈ કરતી વેળાએ શંકાસ્પદ બોમ્બ મળી આવ્યાની જાણ થતાં જ, તાત્કાલિક અસરથી કંપનીના સિક્યોરિટી એલાર્મ વગાડીને કર્મચારીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad.
Editior : Mayur C. Bhatt

## કરમસદ આણંદ મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરાયું

**આણંદની શિવ દુગ્ધાલયમાં સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાના માપદંડોમાં ગંભીર ક્ષતિઓ બદલ રૂ. ૩૦,૦૦૦નો દંડ ફટકારાયોઃ અસ્વચ્છતા અને એક્સપાયરી ડેટ વગરના ખાદ્યપદાર્થો ઝડપાતા મ્યુનિસિપલ તંત્રની કાર્યવાહી**

આણંદ

કરમસદ આણંદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શિવ દુગ્ધાલય ખાતે આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સંસ્થાના પરિસરમાં અનેક ગંભીર અનિયમિતતાઓ અને ક્ષતિઓ પ્રકાશમાં આવી છે, જેને પગલે મ્યુનિસિપલ તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પગલાં લેવામાં આવ્યા છે. મનપાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા નિરીક્ષણ દરમિયાન શિવ દુગ્ધાલયમાં સ્વચ્છતાનો સદંતર અભાવ જોવા મળ્યો હતો. વધુમાં, વેચાણ અર્થે રાખવામાં આવેલી વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓ પર અનિવાર્ય એવી એક્સપાયરી ડેટનો કોઈ ઉલ્લેખ જોવા મળ્યો ન હતો. જાહેર આરોગ્ય સાથે સીધી રીતે જોડાયેલી આ પ્રકારની બેદરકારી અને નિયમોના ઉલ્લંઘનને ગંભીરતાથી લઈને તપાસનીશ અધિકારીઓ દ્વારા સ્થળ પર જ



દંડનીય કાર્યવાહીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મળી આવેલી વિવિધ અનિયમિતતાઓ બદલ કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા શિવ દુગ્ધાલયને વહીવટી ચાર્જ પેટે કુલ રૂ. ૩૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે અને તેની વસૂલાત કરવામાં આવી છે. પાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા એકમોએ નિર્ધારિત આરોગ્યપ્રદ ધોરણો અને કાયદાકીય જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે. કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા અને આરોગ્યના નિયમોના અમલીકરણ માટે આ પ્રકારની ઝુંબેશ આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

## અમદાવાદમાં જબરો ખેલ પકડાયો, જૂના ડબામાં ખાદ્યતેલ ભરવાનું કારસ્તાન, ૧૭૫ ટિન જપ્ત

અમદાવાદ, અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે લાંભાના પીપળજ રોડ પર "મમતા એગ્રો પ્રોટીન" પર દરોડા પાડ્યા. છત્રાલથી ટેન્કરમાં સોયાબીન, કપાસિયા, પામ તેલ મંગાવી જૂના ડબ્બામાં ભરી વેચાણ થતું હતું. ૩.૭૫ લાખના ૧૭૫ ભરેલા ટિન, ૩૦૦ ખાલી ડબ્બા મળ્યા. એકમ સીલ કરી FSSAI લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ.

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા ખાદ્યતેલોમાં થતી ભેળસેળ અને ગેરરીતિઓ સામે અત્યંત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં લાંભા વિસ્તારમાં જાણીતી કંપનીઓના જૂના અને વપરાશમાં લેવાયેલા ડબ્બામાં ખાદ્યતેલ ભરીને તેનું ગેરકાયદેસર વેચાણ કરતા એક એકમ પર ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન મોટી માત્રામાં ભરેલા અને ખાલી ડબ્બા મળી આવતા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે એકમ સીલ કરી દેવામાં આવ્યું હતું. લાંભાના પીપળજ રોડ પર આવેલા આદર્શ એસ્ટેટમાં ધમધમતા 'મમતા એગ્રો પ્રોટીન' નામના એકમ પર ફૂડ વિભાગે સઘન તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આ એકમ દ્વારા સોયાબીન, કપાસિયા અને પામ તેલ છત્રાલથી ટેન્કરમાં મંગાવવામાં આવતું હતું. ત્યારબાદ આ તેલને અલગ-અલગ બ્રાન્ડના નામે જૂના ડબ્બામાં ભરીને બજારમાં વેચવામાં આવતું હતું. સ્થળ પરથી આશરે ૩.૭૫ લાખ રૂપિયાની કિંમતના ૧૭૫ ભરેલા ટિન તેમજ ૩૦૦ જેટલા ખાલી વપરાયેલા ડબ્બા મળી આવ્યા હતા.

# રાણીયા પ્રાથમિક શાળામાં શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

વડોદરા

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા સી.આર.સી. અંતર્ગત આવેલી રાણીયા પ્રાથમિક શાળાએ ૧૦૦ વર્ષ પૂર્ણ કરતાં શાળાના શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર ગ્રામજનો, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ શિક્ષકો, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી તથા રાણીયા ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં શાળાની ગૌરવવંતી શૈક્ષણિક સફરને સ્મરણ કરવામાં આવી હતી.

શતાબ્દી મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત, ગરબો, નાનું નાટક સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પ્રતિભાવો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ સુંદર નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના મુખ્ય શિક્ષકના માર્ગદર્શન હેઠળ છેલ્લા દસ દિવસથી વિવિધ સમિતિઓની રચના કરી આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

રાણીયા પ્રાથમિક શાળા ધોરણ ૧થી ૮ સુધીની શાળા છે, જેમાં ૨૭૫થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત શાળામાં લર્નિંગ લેબ, કોમ્પ્યુટર લેબ, વાચનાલય સહિતની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તાસ પદ્ધતિ, એકમ કસોટીઓ, વાલી સંમેલન, સાંસ્કૃતિક કાર્યક્રમો, ખેલ મહાકુંભ તથા શાળાકીય રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળા સતત કાર્યરત છે.

આ પ્રસંગે કંપનીના માધ્યમથી શાળાને પ્રાપ્ત થયેલા નવા ઓરડાનું રાણીયા ગ્રામ પંચાયતના સરપંચશ્રી તથા કંપનીના ઉપસ્થિત મેનેજરશ્રીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રાણીયા ગામના સરપંચશ્રીએ શાળાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગામના તમામ બાળકોને ગામની જ શાળામાં ગુણવત્તાયુક્ત



શિક્ષણ મળે તે માટે જવાબદારીપૂર્વક પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શાળાના શિક્ષકો દ્વારા ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે સેલ્ફ ડિફેન્સ, યોગ, ધ્યાન તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે.

કાર્યક્રમના પથદર્શક અને માર્ગદર્શક સમગ્ર શિક્ષાના કોઓર્ડિનેટર શ્રી મુકેશભાઈ શર્માએ ભાદરવા ક્લસ્ટરની ૧૭ શાળાઓમાં રાણીયા પ્રાથમિક શાળાને શ્રેષ્ઠ શાળાઓ પૈકીની એક ગણાવી હતી. રાણીયા ગામમાં અગાઉ એક રૂપિયાના ટોકન દંડની પ્રથામાંથી પ્રાપ્ત થતી રકમના સહયોગથી શાળા નિર્માણ કરવામાં આવી હોવાની ઐતિહાસિક ગૌરવગાથા પણ આ પ્રસંગે યાદ કરવામાં આવી હતી. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત હવે શાળાનું નવું સુંદર સંકુલ, સેનિટેશન અને લાઈટ સહિતની સુવિધાઓ સાથે સુસજ્જ કરવામાં આવ્યું છે.

**અકોર્ડ સિનર્જી લીમીટેડ**
accord SYNERGY
CIN No. L45200GJ2014PLC079847
રજીસ્ટર્ડ ઓફિસ : ૩૦૨, સાઇન પ્લાઝા, નટુભાઇ સર્કલ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭
ફોન : ૦૨૬૫-૨૩૫૬૮૦૦ ફેકસ : ૦૨૬૫-૨૩૫૬૮૦૦
Website : www.accordsynergy.com Email: info@accordsynergy.com

**૧૨મી વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં સુધારો**

આ સુધારા-પત્રક, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીના વાર્ષિક અહેવાલનો ભાગ બનતી 'એકોર્ડ સિનર્જી લિમિટેડ' ના સભ્યોની ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ની ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ની સૂચના અને કંપની દ્વારા ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કરવામાં આવેલા સંદેશાવ્યવહારના અનુસંધાનમાં છે.

કંપની આથી સભ્યોને જાણ કરે છે કે, વાર્ષિક અહેવાલની રચના, સંકલન અને આખરીકરણ દરમિયાન થયેલી અજાણતાની ભૂલને કારણે, નીચે દર્શાવેલ સંચાલકો અંગેની સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૩૬(૩) અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ-૨ અનુસાર નિમણૂક/પુનઃ-નિમણૂક માટે વિચારણા હેઠળના સંચાલકોની વિગતો ભૂલથી એજીએમ (વાર્ષિક સામાન્ય સભા) ની સૂચનામાં સામેલ કરવામાં આવી ન હતીઃ

૧. શ્રી શરદચંદ્ર પાટિલ
૨. શ્રીમતી વેણુ બિરપ્પા
૩. શ્રી રાજેન્દ્ર કુંદનલાલ દેસાઈ

તદનુસાર, ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ની સૂચનામાં સુધારા-પત્રક દ્વારા ઉપરોક્ત વિગતોનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે.

૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ની ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)ની સૂચના અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક અહેવાલને ઉક્ત સુધારા-પત્રક સાથે સંયુક્ત રીતે વાંચવા. સુધારા-પત્રકમાં ખાસ ઉલ્લેખિત ક્ષતિ સિવાય, ૧૨મી એજીએમની સૂચના અને વાર્ષિક અહેવાલની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ની સૂચનામાં સુધારા અંગેની સૂચના કંપનીની વેબસાઈટ **https://www.accordsynergy.com/** પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

કંપનીની ૧૨મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે **(IST)** વીડિયો કોન્ફરન્સિંગ **("VC")** / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો **("OAVM")** દ્વારા યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

એકોર્ડ સિનર્જી લિમિટેડ વતી
સહી/-
સ્થળઃ વડોદરા — દ્રષ્ટિ ગાંધી
તારીખઃ ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ — કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

# મહિલા અને બાળકીઓ પર દુષ્કર્મના કેસોમાં ગુજરાત સરકારની ઝીરો ટોલરન્સ નીતિ

## ગુજરાતમાં POCSO કેસોમાં ઐતિહાસિક ન્યાયઃ પાંચ વર્ષમાં ૧,૭૮૫ ચુકાદા, ૯૦૮ને આજીવન કેદ અને ૧૬ને ફાંસીની સજા

- સાયન્ટિફિક એવિડન્સ કલેક્શન સહિત ગુનાની ટોપ ટુ બોટમ લેવલ ઈન્વેસ્ટિગેશનની પોલીસની પધ્ધતિ ગુનેગારોને મજબૂત સજા અપાવવા મહત્વપૂર્ણ સાબિત થાય છે
- ચાર્જશીટથી માંડી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચુકાદા સુધીની સમગ્ર ન્યાય પ્રક્રિયા બની અત્યંત ઝડપી
- કલોલમાં ચાર્જશીટના માત્ર ૭૨ કલાકમાં આરોપીને આજીવન કેદની સજા થઈ
- માત્ર ઓગસ્ટ મહિનામાં ૪૮ પોક્સો કેસમાં સજાના ચુકાદા આવ્યા તે પૈકી ૩૫ ને આજીવન કેદની સજા ફટકારાઈ
- વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૮ મહિનામાં જ ૩૪૬ ચુકાદાઃ ૨૪૧ આરોપીઓને આજીવન કેદ અને ૦૨ને ફાંસી
- ગુજરાતમાં દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા કોઈપણ નરાધમ માટે કોઈ દયા કે છૂટછાટ હોઈ જ ન શકેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગાંધીનગર એચ.ઓ

ગુજરાતમાં દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને જાતીય ગુનાઓ સામે કડક - ઝડપી ન્યાયિક કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અમલમાં છે. આ નીતિના પરિણામે રાજ્યમાં POCSO (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ) હેઠળના કેસોમાં ન્યાય પ્રક્રિયા અભૂતપૂર્વ ઝડપે આગળ વધી રહી છે. આ પ્રકારના કેસોમાં સાયન્ટિફિક એવિડન્સ કલેક્શન સહિત ગુનાની ટોપ ટુ બોટમ લેવલે સંવેદનાપૂર્વક ઈન્વેસ્ટિગેશનની પોલીસની પધ્ધતિ ગુનેગારોને મજબૂત સજા અપાવવા મહત્વપૂર્ણ સાબિત થઈ છે. તાજેતરમાં ગાંધીનગરના કલોલ ખાતે પોક્સો કોર્ટે ૧૫ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીને પોલીસે ચાર્જશીટ રજૂ કર્યાના માત્ર ૭૨ કલાકમાં કુદરતી આયુષ્યના અંત સુધીની આજીવન કેદ ફટકારીને એક દાખલારૂપ ચુકાદો આપ્યો છે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન પોક્સો અદાલતો દ્વારા કુલ ૧,૭૮૫ ચુકાદા આપવામાં આવ્યા છે. જેમાં ૯૦૮ ગુનેગારોને આજીવન કેદ અને ૧૬ નરાધમોને ફાંસીની સજા ફટકારવામાં આવી છે. અદાલતી ચુકાદાઓની સંખ્યામાં વર્ષ દર વર્ષે નોંધપાત્ર વધારો થયો છે જેમાં વર્ષ ૨૦૨૨માં ૧૯૪ ચુકાદામાં ૧૦૭ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૫માં ૪૯૯ ચુકાદામાં ૩૪૦ આરોપીઓને આજીવન કેદ, વર્ષ ૨૦૨૬ ઓગસ્ટ સુધીમાં એટલે કે ચાલુ વર્ષે આઠ મહિનામાં ૩૪૬ ચુકાદામાં ૨૪૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. નોંધનીય છે કે, માત્ર ઓગસ્ટ મહિનાના એક જ મહિનામાં ૪૮ પોક્સો કેસમાં સજાના ચુકાદા આવ્યા છે તે પૈકી ૩૫ને આજીવન કેદની સજા ફટકારાઈ છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, "ગુજરાતમાં દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા કોઈપણ નરાધમ માટે કોઈ દયા કે છૂટછાટ હોઈ જ ન શકે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે POCSO કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ્સ અને સુદ્રઢ કાયદાકીય માળખું ઊભું કર્યું છે, જેના પરિણામે આજે પીડિતા અને તેના પરિવારને મહિનાઓ કે વર્ષો નહીં પરંતુ ગણતરીના દિવસોમાં ઝડપી ન્યાય મળી રહ્યો છે. માત્ર ૭૨ કલાકમાં ચાર્જશીટથી ચુકાદા સુધી પહોંચવું એ ગુજરાત પોલીસની ઉત્કૃષ્ટ અને વૈજ્ઞાનિક તપાસ તેમજ ન્યાયતંત્રના કડક અને પ્રશંસનીય અભિગમનું પરિણામ છે. હું ગુજરાત પોલીસ અને ન્યાયતંત્રને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. અમારો સ્પષ્ટ સંકલ્પ છે કે આવા ગુનેગારોને સમાજમાં દાખલો બેસે તેવી કડકમાં કડક સજા અપાવીને જ જંપીશું."

રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે જણાવ્યું છે કે, આ પ્રકારના કેસોમાં અત્યંત સંવેદનશીલતાની સાથે સાથે જરૂરી ઝડપ અને કડકાઈ દાખવીને પોલીસ દ્વારા ઈન્વેસ્ટિગેશન કરવામાં આવે છે. પીડિતા કે પીડિતાના પરિવારને ઝડપી ન્યાય મળે તે માટે પોલીસ દ્વારા ખાસ કરીને ઈન્વેસ્ટિગેશન દરમિયાન 'સઘન તપાસ, કડક કાર્યવાહી અને ઝડપી ન્યાય'ના ત્રિ-સૂત્ર પર ફોકસ કરવામાં આવે છે. પોક્સો કેસોમાં ત્વરિત ચાર્જશીટ સાથે પ્રત્યેક કેસ ઝડપી અદાલત સુધી પહોંચે તેનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા મોટાભાગના કેસોમાં ૪૫ દિવસની અંદર ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી રહી છે, જેના કારણે કોર્ટ ટ્રાયલ વિના વિલંબે શરૂ થઈ શકે છે અને આરોપીઓને રેકોર્ડ સમયમાં કડક સજા અપાવી શકાય છે.

છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦ પોક્સો ગુનામાં પોલીસે એક દિવસથી લઈને ૧૫ દિવસમાં ચાર્જશીટ કરી છે. ૧૬ થી ૩૦ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ૧૩૩૯ ગુનાઓમાં ચાર્જશીટ કરી દેવાઈ છે. તેવી જ રીતે ૩૧ થી ૪૫ દિવસની ચાર્જશીટ કરી હોય તેવા ૫૪૬૩ ગુનાઓ છે. જે પોલીસ દ્વારા આ પ્રકારના કેસોમાં દાખવવામાં આવતી ગંભીરતા અને તેમાં તપાસની ઝડપ દર્શાવે છે.

રાજ્ય સરકારના સુદ્રઢ કાયદાકીય માળખા અને પોલીસ-પ્રોસિક્યુશનના સંકલનથી ગુજરાતમાં દીકરીઓની સુરક્ષા વધુ મજબૂત બની છે અને ગુનેગારોમાં કાયદાનો ડર સ્થાપિત થયો છે.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પાટણના રાજપુર ગામે અનુસૂચિત જાતિ પરિવારની મુલાકાત લઈ સાધ્યો આત્મીય સંવાદ

ગાંધીનગર એચ.ઓ

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પાટણ તાલુકાના રાજપુર ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે અત્યંત આત્મીયતાપૂર્ણ સંવાદ સાધ્યો હતો.

આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ઉચ્ચ પદની ગરિમા વચ્ચે પણ પોતાની સહજ સાદગી અને સરળતાના ઉત્તમ દર્શન કરાવ્યા હતા.

રાજપુર ગામની મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ સામાજિક સમરસતાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડતા ગામના શ્રમિક અને અનુસૂચિત જાતિ પરિવારના શ્રી દલસુખ મોહનભાઈ પરમારના નિવાસસ્થાને જઈ તેમના પરિવારજનોની કુશળક્ષેમ પૂછી હતી.

રાજ્યપાલશ્રીએ દલસુખભાઈના પરિવાર સાથે જમીન પર બેસીને અત્યંત પ્રેમપૂર્વક અલ્પાહાર ગ્રહણ કર્યો હતો અને પરિવારના સભ્યો સાથે હૃદયસ્પર્શી વાર્તાલાપ કર્યો હતો. ગામના નાગરિકો અને ગ્રામજનો સાથેના આત્મીય સંવાદ દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, જમીનની ફળદ્રુપતા અને માનવ આરોગ્યની જાળવણી માટે રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી અપનાવવી એ સમયની માંગ છે. આ સાથે તેમણે ગ્રામીણ જીવનશૈલી, સ્વચ્છતા, અને ઉત્તમ આરોગ્ય સંબંધિત વિવિધ વિષયો પર ગ્રામજનોને સરળ શૈલીમાં પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

રાજ્યપાલશ્રીની આ સહજ અને લાગણીસભર મુલાકાતથી રાજપુર ગામના ગ્રામજનો તેમજ દલસુખભાઈ પરમારનો પરિવાર અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.



# પંચમહાલની ૧૩ વર્ષની છાયલ પરમારે હોંગકોંગમાં બે ગોલ્ડ મેડલ જીતી ભારતનું નામ રોશન કર્યું

## જેપુરાથી આંતરરાષ્ટ્રીય બૉલિંગ લેન સુધીની સફરઃ Special Olympicsમાં ગુજરાતની માત્ર બે દીકરીઓમાંથી એક બની છાયલ રચ્યો ગૌરવભર્યો ઈતિહાસ

વડોદરા

પંચમહાલ જિલ્લાના જેપુરા ગામની ૧૩ વર્ષની દીકરી છાયલ પરમારે પોતાની પ્રતિભા અને મહેનતના બળે આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. હોંગકોંગ ખાતે યોજાયેલી ૨૦૨૬ Special Olympics East Asia Regional Bowling Championshipમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરીને છાયલએ બે ગોલ્ડ મેડલ જીતી શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. બૌદ્ધિક દિવ્યાંગતા ધરાવતી છાયલની આ સિદ્ધિ માત્ર રમતગમતની જીત નથી, પરંતુ આત્મવિશ્વાસ, સતત મહેનત અને યોગ્ય માર્ગદર્શનથી ઊભી થતી સંભાવનાઓનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. હોંગકોંગમાં યોજાયેલી આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે ભારતની ટીમમાં પુડુચેરી, ચંદીગઢ, પંજાબ અને ગુજરાત સહિતના વિવિધ વિસ્તારોમાંથી ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. ગુજરાતમાંથી પસંદગી પામેલી ખેલાડીઓમાં માત્ર



બે દીકરીઓનો સમાવેશ થયો હતો, જેમાં પંચમહાલની ૧૩ વર્ષની છાયલ પરમાર પણ સામેલ હતી.

છાયલ માટે બૉલિંગની શરૂઆત કદાચ એક સામાન્ય રમત તરીકે થઈ હતી, પરંતુ નિયમિત તાલીમ સાથે આ રમત તેમના આત્મવિશ્વાસની સફર બની ગઈ. શરૂઆતમાં સ્પર્ધામાં ભાગ લેવાની તક જ તેમના માટે મોટી વાત હતી. પરંતુ દરેક તાલીમ સત્ર સાથે તેમની બૉલિંગ ટેકનિકમાં સુધારો થતો ગયો અને પોતાના પરનો વિશ્વાસ પણ વધતો ગયો.પરિવારના સતત પ્રોત્સાહન અને કોચના માર્ગદર્શનથી છાયલને બૉલિંગની ટેકનિક સાથે શિસ્ત, ધીરજ, એકાગ્રતા અને ટીમવર્ક જેવા ગુણો પણ વિકસાવ્યા.

# નેપાળમાં ગુમ ૩૦ ગુજરાતીઓની ઓળખ માટે ગુજરાત સરકારની કવાયત તેજ; ૨૯નાં પરિવારજનોના DNA સેમ્પલ એકત્રિત

## ૨૯ ગુમ વ્યક્તિઓના પરિવારજનોના DNA સેમ્પલ પ્રોફાઈલિંગ અને ઓળખ માટે એકત્રિત

- ન્યૂઝીલેન્ડ, અમેરિકા, કેનેડા અને આફ્રિકન દેશોમાં રહેતા પરિવારજનો માટે પણ પ્રક્રિયા હાથ ધરાઈ
- NRGF દ્વારા ભારત અને વિદેશમાં રહેતા પરિવારો સાથે સંકલન
- ગુજરાતમાં DNA પ્રોફાઈલિંગ માટે છ નિયુક્ત ફોરેન્સિક લેબોરેટરી

ગાંધીનગર એચ.ઓ

ગાંધીનગરઃ નેપાળમાં આવેલા ભયાનક પૂરમાં ગૂમ થયેલા ગુજરાતનાં વતનીઓ અને બિન-નિવાસી ગુજરાતીઓ (NRG)ને શોધવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી ડીએનએ (DNA) સેમ્પલ એકત્રિત કરવાની કામગિરી પુરી થવા આવી છે.

લેટેસ્ટ માહિતી પ્રમાણે, કુલ ૩૦ લોકો નેપાળમાં પૂર પછી સંપર્ક વિહોણા છે. આ ૩૦ લોકોમાંથી ૨૯નાં પરિવારજનોના DNA સેમ્પલ એકત્ર કરવાની પ્રક્રિયા ગુજરાત સરકારે પૂર્ણ કરી છે. બાકી રહેલા એક કેસમાં પણ પ્રક્રિયા ચાલી રહી છે.

એકત્રિત કરવામાં આવેલા DNA સેમ્પલનું પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી અચાનક આવેલા વિનાશક પૂરમાં મૃત્યુ પામેલા લોકોના મળી આવેલા મૃતદેહો અને માનવ અવશેષોની ઓળખ કરી શકાય.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ નેપાળ પૂરમાં ગુમ થયેલા ગુજરાતનાં વતનીઓ તેમજ વિદેશમાં સ્થાયી થયેલા ગુજરાતીઓની પડખે ઉભી છે અને તેમના પરિવારજનો અને સગાસંબંધીઓને જરૂરી તમામ સહાય અને સહકાર મળી રહે તે સુનિશ્ચિત કર્યું છે.

સામાન્ય વહીવટ વિભાગના NRI ડિવિઝન હેઠળ કાર્યરત ગુજરાત સ્ટેટ નોન-રેસિડન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન (NRGF) દ્વારા DNA સેમ્પલ એકત્ર કરવાની સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવામાં આવી રહ્યું છે.

સાથે જ ગુમ થયેલા લોકોની ઓળખ માટે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં પરિવારોને માર્ગદર્શન અને સહાય આપવામાં આવી રહી છે.

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, ગુમ થયેલા લોકોના નજીકનાં (પ્રથમ-સ્તરનાં) પરિવારજનોના DNA સેમ્પલ એકત્રિત કરવા અને DNA પ્રોફાઈલિંગ માટે દેશભરમાં નિયુક્ત ફોરેન્સિક લેબોરેટરીઓની ઓળખ કરવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહના નિર્દેશ અનુસાર, આ હેતુ માટે દેશભરમાં નિયુક્ત કરવામાં આવેલી તમામ લેબોરેટરીઓ DNA પ્રોફાઈલિંગની સેવા નિઃશુલ્ક આપશે. ગુજરાતમાં આવી છ નિયુક્ત લેબોરેટરીઓ આવેલી હોવાથી રાજ્યના પરિવારોને અધિકૃત સુવિધાઓનો લાભ મળી રહ્યો છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર, વિદેશ મંત્રાલય (MEA) સાથે સંકલનમાં રહીને ભારતમાં એકત્ર કરવામાં આવેલા DNA સેમ્પલના પ્રોફાઈલિંગ તથા નેપાળમાં ચાલી રહેલી ઓળખ પ્રક્રિયા સાથે તેના સંકલન અંગેની કામગીરી કરી રહી છે.

# વન આધારિત આજીવિકાને પ્રોત્સાહનઃ આદિવાસી સમુદાયોના શ્રમને બજાર સાથે જોડી રોજગારની તકોનું સર્જન

## સ્થાનિક સમુદાયો પાસેથી ૫૦થી વધુ પ્રકારની વન આધારિત કાચી સામગ્રીની ખરીદીઃGSFDCL દ્વારા ૪૯ પ્રકારના આયુર્વેદિક ઉત્પાદનોનું ઉત્પાદન અને ગુજરાતભરમાં ૧૬ વેચાણ કેન્દ્રો મારફતે વિતરણ







આદિવાસી સમુદાયોની મહેનતથી વનપેદાશો અને આયુર્વેદિક ઉત્પાદનો બને છેઃ રોજગાર અને આજીવિકાની સશક્ત કડી

વડોદરા


ગુજરાતના જંગલોમાં પેઢીઓથી પ્રકૃતિ સાથે જીવતા આદિવાસી અને વન આધારિત સમુદાયો માટે જંગલ માત્ર કુદરતી સંપત્તિનો સ્ત્રોત નથી, પરંતુ આજીવિકાનો પણ મહત્વપૂર્ણ આધાર છે. જંગલમાંથી એકત્રિત થતી ઔષધીય વનસ્પતિઓ અને વિવિધ વનપેદાશોને યોગ્ય બજાર અને મૂલ્યવર્ધન સાથે જોડીને ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ (GSFDCL) આ પરંપરાગત આજીવિકાને વધુ સુવ્યવસ્થિત બજાર સાથે સાંકળી રહ્યું છે.ગુજરાતના વિવિધ વન વિસ્તારોમાંથી સ્થાનિક સમુદાયો દ્વારા એકત્રિત કરવામાં આવતી વનપેદાશોનો ઉપયોગ હવે માત્ર કાચા માલ તરીકે થતો નથી, પરંતુ તેની આગળની પ્રક્રિયા દ્વારા આયુર્વેદિક દવાઓ અને આરોગ્યવર્ધક ઉત્પાદનોનું નિર્માણ કરવામાં આવે છે. આ રીતે જંગલમાં શરૂ થતી વનપેદાશોની સફર મૂલ્યવર્ધિત ઉત્પાદન બનીને બજાર અને ગ્રાહક સુધી પહોંચે છે.

નિગમ દ્વારા રાજપીપળા, ગોધરા, છોટાઉદેપુર, ડેડિયાપાડા, વાંસદા અને અંબાજી સહિતના વિસ્તારોમાંથી અંદાજે ૫૦થી ૬૦ પ્રકારની વન આધારિત કાચી સામગ્રી મેળવવામાં આવે છે. આ વનપેદાશોના સંગ્રહ અને પુરવઠા સાથે સંકળાયેલા આદિવાસી તથા વન આધારિત સમુદાયો માટે રોજગારી અને આવકની તકો ઊભી થાય છે.પેઢીઓથી જંગલો અને તેની વનપેદાશો અંગે પરંપરાગત જ્ઞાન ધરાવતા સ્થાનિક સમુદાયો દ્વારા એકત્રિત કરવામાં આવતી સામગ્રીને સુવ્યવસ્થિત ખરીદી વ્યવસ્થા મારફતે બજારમાં મળે છે. આ વ્યવસ્થા સ્થાનિક લોકોને તેમની મહેનતનું બજારમૂલ્ય મેળવવામાં મદદરૂપ બને છે અને અસંગઠિત બજાર તથા વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં પણ મહત્વપૂર્ણ પગલું બની રહે છે.

જંગલમાંથી એકત્રિત થયેલી વનપેદાશ જ્યારે ઉત્પાદન એકમ સુધી પહોંચે છે, ત્યારે તેની બીજી સફર શરૂ થાય છે. ઉત્પાદન એકમ ખાતે કાચા માલની સફાઈ, સૂકવણી, પીસવાની પ્રક્રિયા અને જરૂરી ફોર્મ્યુલેશન અનુસાર વિવિધ ઘટકોનું મિશ્રણ કરવામાં આવે છે. આધુનિક મશીનરી અને ઔદ્યોગિક ડ્રાયર્સની મદદથી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જરૂરી ગુણવત્તા નિયંત્રણ અને પ્રયોગશાળા પરીક્ષણ કરવામાં આવે છે અને ત્યારબાદ ઉત્પાદનોનું પેકેજિંગ કરવામાં આવે છે.નિગમના આયુર્વેદિક ઉત્પાદન એકમની મુલાકાત દરમિયાન સબ-ડિવિઝન મેનેજર શ્રી કલ્પેશ દવેએ જંગલ વિસ્તારોમાંથી કાચા માલના સંગ્રહથી લઈને તેની પ્રક્રિયા, ગુણવત્તા પરીક્ષણ, પેકેજિંગ અને ગ્રાહકો સુધી પહોંચવાની સમગ્ર પ્રક્રિયા અંગે માહિતી આપી હતી.

નિગમના ઉત્પાદન એકમ ખાતે આશરે ૪૯ પ્રકારની આયુર્વેદિક દવાઓ અને આરોગ્યવર્ધક ઉત્પાદનો તૈયાર કરવામાં આવે છે. તેમાં અશ્વગંધા, શંખપુષ્પી , ગોખરુ આધારિત ઉત્પાદનો, હરડેની ગોળીઓ, ત્રિફળા ચૂર્ણ, સર્વશાંતિ અને નવચેતના સહિતના ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો ગ્રાહકોને પોસાય તેવા દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.ઉત્પાદન પ્રક્રિયા ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસિસ (GMP)ના ધોરણો અનુસાર કરવામાં આવે છે. ઉત્પાદન એકમની અંદાજે ૩.૫ ક્વિન્ટલની ઉત્પાદન ક્ષમતા છે, જ્યારે વાર્ષિક ઉત્પાદન આશરે ૮,૦૦૦ કિલોગ્રામ નોંધાયું છે. નિગમના લોકપ્રિય ઉત્પાદનોમાં મધનો પણ મહત્વપૂર્ણ હિસ્સો છે. કુલ વેચાણમાં મધનો હિસ્સો આશરે ૬૦ ટકા છે. વિવિધ વન વિસ્તારોમાંથી મેળવવામાં આવતા મધમાં કચ્છ વિસ્તારનો નોંધપાત્ર ફાળો છે. નિગમ દ્વારા નિર્ધારિત ગુણવત્તા ધોરણો અનુસાર મધની પ્રક્રિયા કર્યા બાદ તેનું પેકેજિંગ અને વેચાણ કરવામાં આવે છે.આયુર્વેદિક અને કુદરતી ઉત્પાદનોની માંગને ધ્યાનમાં રાખીને નિગમના વન આધારિત ઉત્પાદનો ગુજરાતભરમાં આવેલા ૧૬ વેચાણ કેન્દ્રો મારફતે ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. આ સમગ્ર પ્રવૃત્તિથી નિગમને વાર્ષિક અંદાજે રૂ. ૧ કરોડનો નફો પ્રાપ્ત થાય છે.મધની એક બોટલ હોય કે ત્રિફળા ચૂર્ણનું પેકેટ, તેની પાછળ જંગલથી બજાર સુધી પહોંચતી એક સંપૂર્ણ આજીવિકા શૃંખલા કાર્યરત છે. આ શૃંખલામાં વનપેદાશો એકત્રિત કરતા સ્થાનિક લોકો, કાચા માલનો પુરવઠો, પરિવહન, પ્રક્રિયા, ગુણવત્તા ચકાસણી, પેકેજિંગ અને વેચાણ જેવા અનેક તબક્કાઓ જોડાયેલા છે.ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ દ્વારા વન આધારિત કાચા માલને સુવ્યવસ્થિત બજાર સાથે જોડવાથી એક તરફ સ્થાનિક વન અને આદિવાસી સમુદાયોને રોજગારી અને આવકની તકો મળે છે, તો બીજી તરફ કુદરતી વનસંપદાનું મૂલ્યવર્ધિત ઉત્પાદનોમાં રૂપાંતરણ શક્ય બને છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પાટણ તાલુકાના મહેમદપુર ખાતે વિદ્યાર્થીઓ અને યોગ સાધકોને કરાવી યોગ સાધના



ગાંધીનગર એચ.ઓ

પાટણ તાલુકાના મહેમદપુર ગામે આયોજિત વિશેષ યોગ શિબિરમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્વયં યોગાભ્યાસ કરાવ્યો હતો.

ૐકારના પવિત્ર નાદ સાથે શરૂ થયેલા આ સત્રમાં તેમણે નૌકાસન, ભુજંગાસન તથા વિવિધ પ્રાણાયામનું પ્રત્યક્ષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

વિશ્વ કલ્યાણના ઉદ્દેશ્ય સાથે ૨૧ જૂન 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી સંદર્ભે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભગીરથ પ્રયાસોના પરિણામે આજે સમગ્ર વિશ્વ યોગનું મહત્વ સમજી રહ્યું છે. આજે વિશ્વભરમાં યોગ પર વૈજ્ઞાનિક સંશોધનો થઈ રહ્યા છે અને તેનાથી માનવજાત ઉત્તમ સ્વાસ્થ્યના પરિણામો મેળવી રહી છે.

શિબિરમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંસ્કાર નિર્માણનું પ્રેરક ભાથેરું પીરસતાં રાજ્યપાલશ્રીએ શાસ્ત્રોક્ત સંદર્ભ સાથે જણાવ્યું હતું કે, જે બાળકો પોતાના માતા-પિતા, દાદા-દાદી અને ગુરુજનો પ્રત્યે આદર અને શ્રદ્ધાભાવ રાખે છે, તેમના આશીર્વાદથી આયુષ્ય, વિદ્યા, યશ અને બળ આ ચારેય સદ્ગુણો સહેજે પ્રાપ્ત થાય છે. રોજ સવારે ઊઠીને વડીલોને પ્રણામ કરવાની ટેવ પાડવા તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો.

કિશોરાવસ્થાના પરિવર્તનો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, આ વયમાં શારીરિક અને માનસિક બદલાવ વચ્ચે અજાણતા કોઈ ભૂલ થઈ જાય તો તેને છુપાવવા માટે અસત્યનો સહારો ન લેવો.

# ગાંધીનગરના કુડાસણ ખાતે નિર્માણાધીન બિલ્ડિંગમાં સ્લેબ ધરાશાયી થવાની દુર્ઘટનામાં તમામ શ્રમિકો હાલ સુરક્ષિત અને સ્વસ્થઃ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

ગાંધીનગર એચ.ઓ

ગાંધીનગરના કુડાસણ ખાતે નિર્માણાધીન બિલ્ડિંગની સાઈટ પર મોડી સાંજે સ્લેબ અચાનક ધરાશાયી થવાની દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઘટનાસ્થળ તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. તો બીજી તરફ આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર માટે નિષ્ણાત તબીબોને તૈનાત કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે દુર્ઘટનામાં ૧૫ જેટલા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હોવાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત થઈ છે. જેમાંથી બે શ્રમિકો સુરક્ષિત હોવાથી રજા આપવામાં આવી છે અને બાકીના તમામ શ્રમિકોની હાલ સારવાર ચાલી રહી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, દુર્ઘટના બનતાં જ ગાંધીનગર મહાનગરપાલિકા, ફાયર બ્રિગેડ તેમજ સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન ટીમો દ્વારા યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. કાટમાળ નીચે દટાયેલા શ્રમિકોને સુરક્ષિત બહાર કાઢવા માટે આધુનિક સાધનો અને ક્રેનની મદદ લેવામાં આવી હતી.

દુર્ઘટનાનો ભોગ બનેલા તમામ ઈજાગ્રસ્ત શ્રમિકોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં તબીબોની વિશેષ ટીમ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાકીદની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મહેમદપુરના 'રામુ મોડલ ફાર્મ'ની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓનું કર્યું પ્રત્યક્ષ નિરીક્ષણ

## પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નહીં, ધરતી-પાણી-પર્યાવરણ બચાવવાનું મહાઅભિયાન છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર એચ.ઓ

પાટણ તાલુકાના મહેમદપુર ગામની મુલાકાતે પધારેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા વિકસાવવામાં આવેલા 'રામુ મોડલ ફાર્મ'ની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ફાર્મમાં અમલમાં મૂકાયેલી મિશ્ર પાક પદ્ધતિ, આચ્છાદન, ઘન જીવામૃત, બીજામૃત તથા દશપર્ણી અર્કની નિર્માણ પદ્ધતિ અને તેની ઉપયોગિતા અંગે વિગતવાર માહિતી મેળવી હતી.



ધરતીને જીવંત રાખવી હોય તો પ્રાકૃતિક ખેતી તરફ વળવું જ પડશેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

પ્રગતિશીલ ખેડૂત શ્રી કાંતિભાઈ મૂળજીભાઈ પટેલ અને શ્રી પ્રમોદભાઈ પટેલ દ્વારા ૦૩ વીઘા વિસ્તારમાં વિકસાવવામાં આવેલા આ 'રામુ મોડલ ફાર્મ'માં છેલ્લા સાત વર્ષથી સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. કોરોના કાળ દરમિયાન પટેલ પરિવારના પાંચ ભાઈઓએ આ પ્રાકૃતિક ફાર્મનું નિર્માણ કરી મિશ્ર પાક પદ્ધતિને અપનાવી એક પ્રેરણાદાયી મોડલ ઊભું કર્યું છે. ફાર્મમાં આમળા, ચીકુ, જામફળ, શેરડી સહિતના વિવિધ પાકો અને કઠોળનું વાવેતર કરવામાં આવ્યું છે.

રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં કૃષિ વિજ્ઞાનીઓ તથા 'આત્મા' પ્રોજેક્ટના અધિકારીઓ દ્વારા ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીવામૃત બનાવવાની પ્રક્રિયાનું લાઈવ ડેમોસ્ટ્રેશન યોજી ખેડૂતોને તેના ઉપયોગ અને મહત્વ અંગે પ્રત્યક્ષ સમજ આપવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીના મહત્વ અંગે જણાવ્યું હતું કે, હરિત ક્રાંતિના સમયમાં ડૉ. સ્વામિનાથનના અહેવાલ મુજબ દેશની ખેતીની જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૨ થી ૨.૫ ટકા જેટલું હતું અને પ્રતિ હેક્ટર માત્ર ૧૩ કિલો નાઈટ્રોજન આપવાની ભલામણ કરવામાં આવી હતી. જોકે, સમય જતાં યુરિયા, ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરો તથા જંતુનાશકોના અંધાધૂંધ ઉપયોગના પરિણામે જમીનની ફળદ્રુપતા અને તેની કુદરતી જીવંતતા ઉપર વિપરીત અસર થઈ છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદન ઘટે છે તે માન્યતા બિલકુલ ખોટી છે. ગુજરાતમાં આજે ૯ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે અને અનેક ખેડૂતોના અનુભવો દર્શાવે છે કે પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તા સાથે ઉત્પાદનક્ષમતામાં ઉત્તરોત્તર વધારો થાય છે.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી વ્યવસ્થાની સમજ આપતાં જણાવ્યું હતું કે, વૃક્ષ પોતાના પોષણ માટે માત્ર ૨ થી ૪ ટકા પોષક તત્વો જમીનમાંથી મેળવે છે, જ્યારે તેના બાકીના પોષણનો મોટો હિસ્સો સૂર્યપ્રકાશ અને હવામાંથી પ્રાપ્ત કરે છે. મોટા બ્રિજ કે દીવાલો પર માટી અને પાણીના અભાવે પણ વડ-પીપળા જેવા વૃક્ષો ઊગી શકે છે, જે કુદરતની સ્વયંસંચાલિત અને સંતુલિત વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે. કુદરતની આ વ્યવસ્થાને સમજવાની અને તેની સાથે સુસંગત ખેતી કરવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

દેશી ગૌમાતાના મહત્વ પર ભાર મૂકતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશી ગૌ માતાના ગોબરમાં રહેલા અસંખ્ય ઉપયોગી સૂક્ષ્મજીવો જમીનની જીવંતતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત જેવા દેશી ગાય આધારિત કુદરતી ઈનપુટ્સ જમીનની ફળદ્રુપતા વધારવા તથા ખેતીને વધુ ટકાઉ બનાવવામાં સહાયક બને છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ પ્રાકૃતિક ખેતીની ચળવળ હવે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનના સ્વરૂપમાં સમગ્ર દેશમાં આગળ વધી રહી છે. આ માત્ર ખેતીની પદ્ધતિમાં પરિવર્તન નથી, પરંતુ દેશની ધરતી, પાણી અને પર્યાવરણના સંરક્ષણ સાથે ભાવિ પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટેનું મહાઅભિયાન છે.

'રામુ મોડલ ફાર્મ'ની મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ખેડૂતો સાથે આત્મીય સંવાદ કરી પ્રાકૃતિક ખેતીના તેમના અનુભવો પણ જાણ્યા હતા. તેમણે પ્રાકૃતિક ખેતીને વધુને વધુ ખેડૂતો સુધી પહોંચાડવા અને રાસાયણિક ખેતીમાંથી પ્રાકૃતિક કૃષિ તરફ પરિવર્તન માટે સૌને સહભાગી બનવા આહ્વાન કર્યું હતું. તેમણે જિલ્લાના ખેડૂતોને જમીનને માત્ર ખેતીનું સાધન નહીં, પરંતુ જીવંત ધરોહર માની તેનું સંરક્ષણ કરીએ તેવી ભાવનાત્મક અપીલ કરી હતી.